॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

"અમૃત વચન"
શરીરને જ પોતાનું સ્વરૂપ માનીને તેના સુખમાં સુતા રહેવું એ મોહરાત્રિ. આત્માને જ પોતાનું સ્વરૂપ માની તેના આનંદમાં જાગતા રહેવું એટલે શિવરાત્રિ.

Published Day : Wednesday
Price : 2 /-

# પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR
GENERAL OF INDIA (PRGI)
Registration Number
GJGUJ/25/A2764

Annual Subscription
Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 01, Issue: 39, Dt. 29/07/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat

## આજના જેન્ઝેડની નજરે લગ્ન એક નવી વાર્તા, જૂના મંતવ્યો અને વચ્ચેનો મજાનો મતભેદ




તંત્રી સ્થાનેથી...
સૌરભ પી. દોશી
તંત્રી, પદ્મ પ્રકાશ કુંજ

એક સમય હતો જ્યારે લગ્ન એટલે "બે કુટુંબોનું જોડાણ", "ચાર મંગલફેરા", "સાત પેઢીઓનું વચન" અને વડીલોનું આશીર્વાદ. આજે જેન્ઝેડની નજરે જુઓ તો લગ્ન કંઈક અલગ લાગે છે. તેમને પૂછો તો કહે છે, "લગ્ન એટલે બે લોકોનું પાર્ટનરશિપ... જ્યાં લવ, રિસ્પેક્ટ અને સ્પેસ ત્રણેય હોય." વડીલો સાંભળીને આંખો મોટી કરે છે, અને યુવાનો હસીને કહે છે, "અંકલ, ટાઈમ્સ હેવ ચેન્જડ!

"જેન્ઝેડ લગ્નને "જીવનનો અંતિમ ધ્યેય" નથી માનતા. તેમના માટે તે એક વિકલ્પ છે, જરૂરિયાત નહીં. કેટલાક કહે છે, "પહેલા કેરિયર બનાવીએ, પછી જોઈએ." કેટલાક કહે છે, "લિવ-ઈન ટ્રાય કરીએ, પછી નક્કી કરીએ." અને કેટલાક તો સીધું કહે છે, "મને સિંગલ જ સારું લાગે છે, કોઈ પ્રેશર નહીં." આ દિશા તરફ તેઓ જઈ રહ્યા છે. વ્યક્તિગત સ્વતંત્રતા, માનસિક સ્વાસ્થ્ય અને સમાનતા. તેઓ "શું લોકો કહેશે?" ની ચિંતા ઓછી કરે છે અને "મને શું સારું લાગે છે?" પર વધુ ધ્યાન આપે છે.

શું કરી રહ્યા છે આજના યુવાનો? સોશિયલ મીડિયા પર "રિલેશનશિપ ગોલ્સ" અને "રેડ ફ્લેગ્સ"ની યાદીઓ બનાવી રહ્યા છે. ડેટિંગ એપ્સ પર સ્વાઈપ કરી રહ્યા છે, પણ સાથે-સાથે "ઈમોશનલ અવેલેબિલિટી" અને "કમ્યુનિકેશન સ્કિલ્સ" પણ ચેક કરી રહ્યા છે. કેટલાક "સોફ્ટ લોન્ચ" કરી રહ્યા છે એટલે કે સંબંધને ધીમે-ધીમે વિકસાવે છે, જેથી પછીથી પસ્તાવો ન થાય. કેટલાક "થેરાપી" અને "કપલ્સ કાઉન્સેલિંગ"ને સામાન્ય માને છે, જે વડીલોના સમયમાં તો કલ્પના બહારની વાત હતી.

હવે આવે છે મજાનો ભાગ વડીલો અને યુવાનો વચ્ચેનો મતભેદ. વડીલો કહે છે, "લગ્ન એ જીવનની જરૂરિયાત છે. સમયસર કરી લો, નહીં તો પછી પસ્તાશો." યુવાનો જવાબ આપે છે, "અંકલ, પસ્તાવો તો ખોટા લગ્નમાં થાય છે, સાચા સંબંધમાં નહીં." વડીલો કહે છે, "બહુ વિચારશો તો ક્યારેય નહીં થાય." યુવાનો કહે છે, "બહુ ઉતાવળ કરશો તો પછી ડિવોર્સની વાતો થશે." વડીલો માને છે કે "સહનશીલતા"થી ઘર ચાલે છે. યુવાનો માને છે કે "સમજણ અને સરહદો"થી ઘર ચાલે છે. એક તરફ "સમાજ શું કહેશે?" અને બીજી તરફ "મારું માનસિક સ્વાસ્થ્ય શું કહેશે?"આ બે વાક્યોમાં જ આખો તફાવત છુપાયેલો છે.

પણ આ મતભેદને માત્ર સંઘર્ષ તરીકે જોવાની જરૂર નથી. વડીલોએ જે કિંમતો આપી વફાદારી, કુટુંબનું મહત્ત્વ, સહનશીલતા તે હજુ પણ મૂલ્યવાન છે. અને યુવાનોએ જે નવી વસ્તુઓ લાવી પારદર્શિતા, સમાનતા, વ્યક્તિગત વિકાસ તે પણ જરૂરી છે. સાચી સમજણ ત્યારે જ આવે છે જ્યારે બંને પેઢીઓ એકબીજાને સાંભળે. વડીલો જ્યારે કહે છે, "અમે પણ એક સમયે યુવાન હતા," અને યુવાનો જ્યારે કહે છે, "અમે પણ તમારી જેમ કુટુંબ ચાહીએ છીએ, માત્ર રીત અલગ છે," ત્યારે વાતાવરણ હળવું થઈ જાય છે.

આજના જેન્ઝેડ લગ્નને "જીવનનું અંતિમ સ્ટેજ" નહીં, પણ "જીવનની એક સુંદર યાત્રા" તરીકે જોવા માંગે છે. તેઓ ઉતાવળમાં નથી, પણ તૈયારીમાં છે. તેઓ ડરતા નથી, પણ સાવચેત છે. અને વડીલોને એક વાત કહેવી છે તમારા સમયમાં લગ્ન એક "ફરજ" હતું, આજે તે એક "પસંદગી" બની ગયું છે. બંને વાતોમાં સત્ય છે. માત્ર સમય બદલાયો છે, માનવીય લાગણીઓ નહીં.

તો આગામી વખતે જ્યારે કોઈ વડીલ કહે, "લગ્ન ક્યારે કરવાના છે?" ત્યારે હસીને કહેજો, "જ્યારે હૃદય અને મગજ બંને તૈયાર થશે... અને હા, તમારું આશીર્વાદ પણ જોઈશે!" કારણ કે આખરે લગ્ન એ બે પેઢીઓનું પણ જોડાણ છે જૂની ડહાપણ અને નવી સમજણનું. અને જ્યારે બંને મળે, ત્યારે જ સાચી વાર્તા લખાય છે.


## અમરેલીમાં જવાહર નહેરૂ જુનિયર હોકી સ્પર્ધા તા.૩ તથા ૪ ઓગસ્ટે યોજાશે

અમરેલી, તા.૨૮ જુલાઈ ૨૦૨૬ - સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના માર્ગદર્શન હેઠળ જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી, અમરેલી દ્વારા જવાહર નહેરુ જુનિયર હોકી સ્પર્ધા ૨૦૨૫-૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા.૩ અને ૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અમરેલી ખાતે યોજાશે. અમરેલી જિલ્લાના તમામ શાળાઓના સબ જુનિયર અને જુનિયર કક્ષાના ખેલાડીઓને મોટી સંખ્યામાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.૪૩મી સબ જુનિયર અંડર-૧૫ ભાઈઓ તથા ૫૪મી જુનિયર અંડર-૧૭ ભાઈઓની હોકી સ્પર્ધા તા.૩-૮-૨૦૨૬ના રોજ યોજાશે, જ્યારે ૩૨મી જુનિયર અંડર-૧૭ બહેનોની હોકી સ્પર્ધા તા. ૪-૮-૨૦૨૬ના રોજ યોજાશે. તમામ સ્પર્ધાઓ સરદાર પટેલ રમત સંકુલ, શીતલ રોડ, ગોળ દેવળમાની બાજુમાં, અમરેલી ખાતે સવારે ૮ કલાકે શરૂ થશે.આ સ્પર્ધામાં ભાગ લેવા સબ જુનિયર હોકી અંડર-૧૫ ભાઈઓ માટે ખેલાડીઓનો જન્મ તા.૧- ૧૧-૨૦૧૧ પછી હોવો જરૂરી છે, જ્યારે જુનિયર હોકી અંડર-૧૭ ભાઈઓ અને બહેનો માટે ખેલાડીઓનો જન્મ તા.૧- ૧૧-૨૦૦૯ પછી હોવો આવશ્યક છે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શાળાઓએ સ્પર્ધાના દિવસે એન્ટ્રી સાથે હાજર રહેવાનું રહેશે. એન્ટ્રી જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી, અમરેલી ખાતે સ્વીકારવામાં આવશે.સ્પર્ધા અંગે વધુ માહિતી માટે જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી, અમરેલીના ફોન નં. ૦૨૭૯૨ ૨૯૯૦૬૧ પર સંપર્ક કરવાનો રહેશે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## સાવરકુંડલામાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી થશે...

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

ભારતીય સંસ્કૃતિમાં ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સમાન સ્થાન આપવામાં આવ્યું છે. આવા પવિત્ર ગુરુપૂર્ણિમા મહાપર્વ નિમિત્તે સાવરકુંડલા શહેર અને તાલુકાભરમાં ભક્તિમય માહોલ સર્જાયો છે. શહેરના વિવિધ મંદિરો, આશ્રમો, સંતોના નિવાસસ્થાનો તેમજ વિવિધ ધાર્મિક સંસ્થાઓમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી થશે.ગુરુપૂર્ણિમાના પાવન અવસરે વહેલી સવારથી જ ભક્તો પોતાના ગુરુ, સંતો-મહંતો અને આધ્યાત્મિક માર્ગદર્શકોના દર્શન માટે ઉમટી પડશે. અનેક સ્થળોએ ગુરુપૂજન, પાદુકા પૂજન, આશીર્વચન, ધૂન-ભજન, સત્સંગ, ધાર્મિક પ્રવચનો, શાસ્ત્રવાંચન, ભજન સંધ્યા અને મહાપ્રસાદના કાર્યક્રમો યોજાશે. ભક્તો પોતાના ગુરુને પુષ્પહાર, શાલ, ફળ તથા અન્ય ભેટ અર્પણ કરીને આશીર્વાદ પ્રાપ્ત કરશે.સાવરકુંડલાના વિવિધ મંદિરો, સ્વામિનારાયણ સંસ્થાઓ, આશ્રમો તેમજ અન્ય ધાર્મિક કેન્દ્રોમાં દિવસભર ભક્તોની અવરજવર રહેવાની સંભાવના છે. અનેક પરિવારો વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ પોતાના ગુરુના દર્શન કરી તેમની પાસે આધ્યાત્મિક માર્ગદર્શન મેળવશે. ઘણા સ્થળોએ સામૂહિક ગુરુવંદના, સંતવાણી અને ભક્તિમય સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ



આયોજન કરવામાં આવ્યું છે.

ગુરુપૂર્ણિમા માત્ર ધાર્મિક પર્વ જ નહીં પરંતુ જીવનમાં જ્ઞાન, સંસ્કાર અને સદાચારનો માર્ગ બતાવનારા ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવે છે અને ગુરુના માર્ગદર્શનથી જ જીવનને સાચી દિશા પ્રાપ્ત થાય છે તેવી માન્યતા છે.ગુરુપૂર્ણિમાના આ પવિત્ર પર્વે સાવરકુંડલા શહેર અને તાલુકાભરમાં ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો અનોખો માહોલ સર્જાશે. મંદિરો અને આશ્રમોમાં યોજાનારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાઈ ગુરુના આશીર્વાદ પ્રાપ્ત કરશે.

## અમરેલી જિલ્લામાં તા. ૧૪મી ઓગસ્ટે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત નિક્ષય પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાશે

અમરેલી તા. ૨૮ જુલાઈ,૨૦૨૬ - દેશને ક્ષય (ટીબી) મુક્ત કરવાના સંકલ્પ સાથે અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન (PMTBMBA) અંતર્ગત આગામી તા. ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ વિશેષ નિક્ષય પોષણ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. હાલમાં અમરેલી જિલ્લામાં કુલ ૭૩૦ ટીબીના દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાંથી ૬૬૫ દર્દીઓએ નિક્ષય પોષણ યોજના માટે પોતાની સંમતિ આપી છે. આ અભિયાન અંતર્ગત અગાઉ ૨૯૧ દર્દીઓને કીટ વિતરણની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે, જ્યારે આગામી ૧૪મી ઓગસ્ટના રોજ યોજાનાર આ વિશેષ કાર્યક્રમમાં વધુ ૨૨૭ જરૂરિયાતમંદ ટીબી દર્દીઓને પોષણયુક્ત આહારની કીટોનું વિતરણ કરવામાં આવશે.આ સેવાકીય કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓ જેવા કે અમરેલી, બાબરા, બગસરા, ધારી, જાફરાબાદ, કુકાવાવ, ખાંભા, લાઠી, લીલીયા, રાજુલા અને સાવરકુંડલાના સ્થાનિક તાલુકા હેલ્થ ઓફિસ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) અને સામુહિક આરોગ્ય કેન્દ્રો (CHC) ખાતે વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ ઉમદા કાર્યમાં ડૉ. હિમન પરીખ, અંબુજા ફાઉન્ડેશન, અલ્ટ્રાટેક સિમેન્ટ - નર્મદા સિમેન્ટ (જાફરાબાદ), ડૉ. એમ. એ. સિદ્ધપુરા તેમજ લાયન્સ ક્લબ (સાવરકુંડલા) જેવી સેવાભાવી સંસ્થાઓ અને મહાનુભાવો 'નિક્ષય મિત્ર' તરીકે ઉપસ્થિત રહીને દર્દીઓને કીટોનું વિતરણ કરશે.

# હાથસણી ગામે સુ પ્રસિદ્ધ શ્રી જમજીરા વાળા ખોડિયાર માતાજીના સાનિધ્યે લાપસી ના પ્રસાદનું કરવામાં આવેલ આયોજન





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા ના હાથસણી ગામે ગ્રામ્ય જનો દ્વારા અષાઢ માસ મા દેદુમલ નદી ને કાંઠે બિરાજીત આઈ શ્રી ખોડિયાર માતાજી ને લાપસી ના પ્રસાદ નું વર્ષો થી ધાર્મિક આયોજન કરવામાં આવે છે. પરંપરાગત આજે માતાજી ની લાપસી નો પ્રસાદ બનાવી ધરવામાં આવેલ. . ઉપરોક્ત ધાર્મિક આયોજન મા વિશાળ સંખ્યા મા લોકો ઉપસ્થિત રહી પ્રસાદ ગ્રહણ કરી ભારે ધન્યતા અનુભવેલ. તેમ દિલુભાઈ એમ. ખુમાણ ની યાદી દ્વારા જણાવવામાં આવેલ.

## પ્રજાનું હિત સર્વોપરી

# "સેવા, સંવેદના અને સમાજ પ્રત્યેની જવાબદારીઆ જ આપણું કર્તવ્ય"





ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા પંથકમાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના કારણે નાવલી નદીમાં પાણીની જાવક માં અવરોધ પુલ અંદર વૃક્ષો અને ઓવાળ તણાયને ભરાઈ ગયા હતા, તે આજરોજ સાવરકુંડલા નગરપાલિકા સેનિટેશન વિભાગની ટીમે ને સુચના આપી કઢાવ્યા હતા...

## અમરેલી જિલ્લામાં વરસાદી પડકાર વચ્ચે માર્ગ વ્યવસ્થા સજ્જ

# જુલાઈની શરૂઆતમાં પડેલા ભારે વરસાદ બાદ નુકશાન પામેલા માર્ગ અને મકાન વિભાગ પંચાયતના ૯૭ રસ્તાની મરામતની કામગીરી પૂર્ણ

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા






અમરેલી તા. ૨૩ જુલાઈ, ૨૦૨૬ ચોમાસા દરિયાન અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન પંચાયત હસ્તના રસ્તાઓને સતત કાર્યરત રાખવા માટે ૧૮ ટીમો સજ્જ છે. અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયતના કાર્યપાલક ઇજનેરશ્રી સ્મિત ચૌધરીના માર્ગદર્શન અને મોનીટરીંગમાં બંધ રસ્તાઓના મરામત કરી તેને મોટરેબલ કરવામાં આવ્યા છે. જુલાઈ મહિનાની શરૂઆતમાં ભારે વરસાદના કારણે નુકશાન પામેલા તમામ ૯૭ માર્ગોને પૂર્વવત કરવામાં આવ્યા છે. શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે, ચાલુ ચોમાસા હાલ પાછલા કેટલાક દિવસોમાં ૩૮ માર્ગો બંધ થયા હતા તે પૈકીના ૩૫ રસ્તાઓ શરૂ કરવામાં આવ્યા છે. બંધ ૦૩ રસ્તા પૈકી ૦૨ પર પાણીનું ઓવરટોપીંગ હોવાના લીધે બંધ છે જ્યારે ૦૧ રસ્તામાં નદીમાં પાણીનું વહેણ શરૂ હોવાના લીધે ડાયવર્ઝનને નુકશાન થવાના લીધે બંધ કરવામાં આવ્યો છે. હાલ બંધ પૈકીના તમામ ૩૫ માર્ગો શરૂ કરવામાં આવ્યા છે. બંધ રસ્તા પૈકી ડાયવર્ઝનના કારણે જે રોડ બંધ છે તેમાં ઈજારાદારશ્રી દ્વારા સ્કુલ બસની સુવિધા ચોમાસા દરમિયાન કરવામાં આવનાર છે. આ રસ્તો બાબરીયાધાર-અમૂલી-અખેગઢનો માર્ગ છે. આ માર્ગના વિદ્યાર્થીઓને જ્યાં અગવડ પડે છે ત્યાં સ્કૂલ બસની વ્યવસ્થા કરવામાં આવશે.માર્ગ અને મકાન વિભાગ પંચાયતની ૧૮ ટીમો ફિલ્ડમાં સર્વે અને આવનાર મુશ્કેલી સામે લડવા મશીનરી-મટીરીયલ સાથે સજ્જ છે.

# સાવરકુંડલામાં ચાતુર્માસ નિમિત્તે સાધ્વીજી ભગવંતોનો મંગલ પ્રવેશ સંપન્ન







■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલાની પાવન ધરા પર ચાતુર્માસ નિમિત્તે પરમ પૂજ્ય સાધ્વી ભગવંતોનો મંગલ પ્રવેશ આજે શ્રદ્ધા, ભક્તિ અને ધર્મમય વાતાવરણ વચ્ચે ભવ્ય રીતે સંપન્ન થયો હતો.

દીક્ષા યુગ પ્રવર્તક પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયવર્તી તથા જીર્ણોદ્ધાર જ્યોતિર્ધર, તીર્થોદ્ધાર કેસરી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી મુક્તિપ્રભ સૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુંવર્તી, દીર્ઘ સંયમી અને શાંત સ્વભાવી પરમ પૂજ્ય સાધ્વી શ્રી પદ્મલતા શ્રીજી મહારાજ સાહેબાના શિષ્યરત્ના *પરમ પૂજ્ય સાધ્વી શ્રી તત્વદર્શિતા શ્રીજી મહારાજ સાહેબ તથા પરમ પૂજ્ય સાધ્વી શ્રી જયદર્શિતા શ્રીજી મહારાજ સાહેબનો ચાતુર્માસાર્થે મંગલ પ્રવેશ* આજે સવારે 600 કલાકે ભાવિકોના જયઘોષ વચ્ચે સંપન્ન થયો હતો.

મંગલ પ્રવેશ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ અને ધર્મપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુરુભગવંતોના પાવન સાનિધ્યમાં આગામી ચાતુર્માસ દરમિયાન ધાર્મિક પ્રવચનો, સ્વાધ્યાય, આરાધના, તપ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢીના પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ રતિલાલ મહેતાએ* જણાવ્યું હતું કે, ચાતુર્માસ દરમિયાન યોજાનારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાઈ ધર્મલાભ લેવા તમામ ભાવિકોને હાર્દિક આમંત્રણ છે.

આ પ્રસંગે જૈન સમાજના આગેવાનો, શ્રાવક-શ્રાવિકાઓ અને ભાવિકોએ સાધ્વીજી ભગવંતોનું ભાવભેર સ્વાગત કર્યું હતું.

# શું...ગુજરાતી જેન ઝી ભારતથી કટ થઈ રહી છે? એક અસ્વસ્થ કરતો સવાલ....આ આંદોલનમાં ગુજરાત ક્યાં છે?

છેલ્લા પાંચ દિવસથી હું દેશભરમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનના વીડિયો સતત જોતો હતો. લગભગ મોટી માત્રામાં વિડિયો જોયા પછી મારા મનમાં એક એવો પ્રશ્ન ઊભો થયો, જે કદાચ ગુજરાત માટે સૌથી મોટો આત્મમંથનનો વિષય બની શકે છે.દેશના અનેક રાજ્યોમાંથી હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર દેખાયા. તેમની ઉંમર 16થી 24 વર્ષની હતી. કોઈ દિલ્હીથી, કોઈ પશ્ચિમ બંગાળથી, કોઈ કેરળથી, કોઈ પંજાબથી, કોઈ બિહારથી, કોઈ મહારાષ્ટ્રથી. તેમના ચહેરા પર ડર નહોતો. તેમની ભાષામાં આત્મવિશ્વાસ હતો. તેઓ અંગ્રેજીમાં પણ એટલી જ સરળતાથી પોતાની વાત રાખતા હતા જેટલી પોતાની માતૃભાષામાં.પોલીસ સામે ઉભા રહેવાનો ડર નહોતો. લાઠીચાર્જનો ડર નહોતો. ધરપકડનો ડર નહોતો. ઘણીવાર તો એવું લાગતું હતું કે તેઓ પોતાના ભવિષ્ય માટે કોઈપણ કિંમત ચૂકવવા તૈયાર છે.સવાલ એ નથી કે તેઓ સાચા છે કે ખોટા.સવાલ એ છે કે ગુજરાતના એ જ વયના યુવાનો ક્યાં છે?શું ગુજરાતનો જેન ઝી અલગ રીતે ઘડાઈ રહ્યો છે?આજનો ગુજરાતી યુવાન ખૂબ હોશિયાર છે. સ્ટાર્ટઅપમાં આગળ છે. બિઝનેસમાં આગળ છે. ટેક્નોલોજી ઝડપથી શીખી જાય છે.



નાવલી લાઈવ

લેખક-મહેન્દ્ર બગડા

સોશિયલ મીડિયા પર પણ સક્રિય છે.પરંતુ જ્યારે વાત પોતાના અધિકાર, જાહેર નીતિ, શિક્ષણ, રોજગાર, પર્યાવરણ, લોકશાહી કે નાગરિક પ્રશ્નોની આવે છે ત્યારે તેની હાજરી ખૂબ ઓછી કેમ દેખાય છે?નહી તો એક સમય હતો જ્યારે દેશને ગુજરાતે રસ્તો બતાવ્યો હતો...આજની પરિસ્થિતિને સમજવા માટે થોડું ઈતિહાસ તરફ નજર કરવી જરૂરી છે.ભારતમાં જ્યારે જ્યારે મોટા જનઆંદોલનો થયા છે, ત્યારે ગુજરાત માત્ર સહભાગી જ નહોતું રહ્યું, પરંતુ અનેક વખત માર્ગદર્શક બન્યું છે.મહાત્મા ગાંધીના દાંડીકૂચથી લઈને ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહ સુધી, ગુજરાતે દેશને અહિંસક જનઆંદોલનની દિશા બતાવી હતી. સરદાર પટેલના નેતૃત્વમાં બારડોલીના ખેડૂતોની લડત માત્ર ગુજરાતની નહીં, સમગ્ર ભારતની પ્રેરણા બની હતી.આઝાદી પછી પણ 1974નું નવ નિર્માણ આંદોલન એ તેનો સૌથી મોટો પુરાવો છે. અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાંથી વિદ્યાર્થીઓએ શરૂ કરેલો વિરોધ ભ્રષ્ટાચાર અને મોંઘવારી સામે રાજયવ્યાપી જનઆંદોલનમાં પરિવર્તિત થયો. આખરે રાજ્ય સરકારને રાજીનામું આપવું પડ્યું.આ નવ નિર્માણ આંદોલનની અસર માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત રહી નહોતી. લોકનાયક જયપ્રકાશ નારાયણે ગુજરાતના આંદોલનમાંથી પ્રેરણા લઈને તેને દેશવ્યાપી સ્વરૂપ આપ્યું. ત્યારબાદ બિહારમાં શરૂ થયેલું "સંપૂર્ણ ક્રાંતિ" આંદોલન સમગ્ર દેશમાં ફેલાયું અને અંતે ભારતીય રાજકારણમાં ઐતિહાસિક પરિવર્તનનું કારણ બન્યું. એટલે એવું કહેવું ખોટું નહીં હોય કે દેશવ્યાપી જે.પી. આંદોલનને પ્રેરણા આપનાર સૌથી મહત્વપૂર્ણ ચિંકારી ગુજરાતના વિદ્યાર્થી આંદોલનમાંથી જ નીકળી હતી.આ જ ગુજરાતે મહાગુજરાત આંદોલન જોયું.

આ જ ગુજરાતે નર્મદા જેવા મુદ્દે લાંબી લડાઈઓ જોઈ.આ જ ગુજરાતે ખેડૂતો, કર્મચારીઓ અને સમાજના વિવિધ વર્ગોના અનેક આંદોલનોનું નેતૃત્વ કર્યું.એટલે પ્રશ્ન એ નથી કે ગુજરાતની યુવા પેઢીમાં હિંમત ક્યારેય નહોતી.પ્રશ્ન એ છે કે જે ભૂમિએ દેશને આંદોલનની ભાષા શીખવી હતી, ત્યાંનો આજનો જેન ઝી જાહેર જીવનના પ્રશ્નોમાં એટલો ઓછો કેમ દેખાય છે?શું સમય બદલાયો છે?શું પ્રાથમિકતાઓ બદલાઈ ગઈ છે?કે પછી આપણે યુવાનોને સફળ વ્યવસાયી તો બનાવ્યા, પરંતુ સક્રિય નાગરિક બનાવવાનું ક્યાંક ભૂલી ગયા?કદાચ આ પ્રશ્નનો જવાબ શોધવાનો સમય હવે આવી ગયો છે.શું તે આ મુદ્દાઓથી અજાણ છે?કે પછી તેને આ પ્રશ્નો વિશે વિચારવાની જ ટેવ નથી પડી?શું આપણે બાળકોને માત્ર સફળ બનતા શીખવ્યા?ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોથી એક વાત ખૂબ જ મજબૂત બની છે.સારી નોકરી મેળવો.સારો ધંધો કરો.વિદેશ જાવ.પૈસા કમાવો.પરિવાર સંભાળો.આ બધી વાતો ખોટી નથી. પરંતુ આ બધાની વચ્ચે કદાચ એક બાબત પાછળ રહી ગઈ.સારો નાગરિક કેવી રીતે બનવું?શું આપણે આપણા બાળકોને ક્યારેય શીખવ્યું કે બંધારણ શું છે?નાગરિક તરીકે તેમના અધિકારો શું છે?સરકારને પ્રશ્ન પૂછવો લોકશાહીનો ભાગ છે?અસહમતિ વ્યક્ત કરવી દેશદ્રોહ નથી?ધર્મ, રાજકારણ અને ઓળખનું વર્તુળઆજના ગુજરાતમાં યુવાનોની ઓળખ ઘણી વખત વિચારોથી નહીં, પરંતુ રાજકીય અને ધાર્મિક ઓળખથી વધુ ઘડાતી જોવા મળે છે.ચર્ચા શિક્ષણ પર ઓછી થાય છે.ચર્ચા બેરોજગારી પર ઓછી થાય છે.ચર્ચા યુનિવર્સિટીની સ્વતંત્રતા પર ઓછી થાય છે.ચર્ચા પર્યાવરણ પર ઓછી થાય છે.પરંતુ ધાર્મિક અને રાજકીય મુદ્દાઓ પર સોશિયલ મીડિયા કલાકો સુધી સક્રિય રહે છે.આ માત્ર ગુજરાતનો પ્રશ્ન નથી, પરંતુ ગુજરાતમાં તેની અસર વધુ સ્પષ્ટ દેખાય છે એવી દલીલ ઘણા સામાજિક વિશ્લેષકો કરે છે.ડર માત્ર પોલીસનો નથી...ઘણા લોકો માને છે કે આજના યુવાનોમાં સૌથી મોટો ડર પોલીસનો નથી.

સૌથી મોટો ડર છે..."જો હું બોલીશ તો લોકો શું કહેશે?""નોકરી પર અસર થશે?""મારા પરિવારને મુશ્કેલી પડશે?""મને કોઈ રાજકીય રંગ આપી દેશે?"આવો સામાજિક ડર ઘણી વખત કાયદાકીય ડર કરતાં પણ મોટો બની જાય છે.શું ગુજરાતનો યુવાન ખરેખર નિષ્ક્રિય છે?અહીં એક મહત્વની વાત પણ સમજવી જોઈએ.કદાચ ગુજરાતનો યુવાન રસ્તા પર ઓછો ઉતરે છે.પરંતુ તે ઉદ્યોગસાહસિકતામાં આગળ છે.સ્ટાર્ટઅપમાં આગળ છે.સામાજિક સેવા અને આપત્તિના સમયમાં પણ ગુજરાતના યુવાનોની મોટી ભૂમિકા જોવા મળે છે.એટલે દરેક પ્રકારની સક્રિયતાનું માપદંડ માત્ર આંદોલન નથી બની શકતું.પરંતુ જ્યારે દેશવ્યાપી વિદ્યાર્થી આંદોલનમાં ગુજરાત લગભગ ગેરહાજર દેખાય ત્યારે પ્રશ્નો તો ઊભા થાય જ.અંગ્રેજી માત્ર ભાષા નથી...જે વીડિયો મેં જોયા તેમાં એક વાત ખાસ ધ્યાન ખેંચનારી હતી.આ યુવાનો વિશ્વના મીડિયાને સંબોધી શકતા હતા.અંગ્રેજીમાં દલીલ કરી શકતા હતા.બંધારણનો ઉલ્લેખ કરતા હતા.આંતરરાષ્ટ્રીય મીડિયા સુધી પોતાની વાત પહોંચાડી શકતા હતા.શું ગુજરાતના વિદ્યાર્થીઓને પણ એવી તાલીમ મળે છે?કે હજુ પણ આપણે માત્ર પરીક્ષા પાસ કરાવતું શિક્ષણ આપી રહ્યા છીએ?માતા-પિતાની ભૂમિકાએક પ્રશ્ન માતા-પિતાને પણ પૂછવો પડે.શું આપણે આપણા બાળકોને માત્ર સુરક્ષિત રાખવા માંગીએ છીએ?કે પછી તેમને વિચારી શકતા, પ્રશ્ન પૂછી શકતા અને જવાબદારીપૂર્વક મત વ્યક્ત કરી શકતા નાગરિક પણ બનાવવા માંગીએ છીએ?ઘણા માતા-પિતા પોતાના બાળકોને દરેક પ્રકારના જાહેર પ્રશ્નોથી દૂર રાખે છે.પરિણામે તેઓ કારકિર્દીમાં સફળ બને છે, પરંતુ જાહેર જીવનમાં ભાગીદાર બનતા નથી.ગુજરાતનું મૌન શું કહે છે?આ લેખ કોઈ આંદોલનના સમર્થનમાં નથી.કોઈ પક્ષના વિરોધમાં પણ નથી.આ લેખ માત્ર એક પ્રશ્ન પૂછે છે.જો દેશના અનેક રાજ્યોનો યુવાન પોતાના પ્રશ્નો લઈને રસ્તા પર ઊભો રહી શકે છે...તો ગુજરાતનો યુવાન કેમ નથી દેખાતો?શું તેને પ્રશ્નો નથી?કે પછી પ્રશ્નો પૂછવાની ટેવ જ નથી રહી?

સૌથી મોટો સવાલ...આવતીકાલનું ભારત આજના જેન ઝીના હાથમાં છે.જો ગુજરાતનો જેન ઝી માત્ર નોકરી, ધંધો અને સોશિયલ મીડિયા સુધી જ સીમિત રહી જશે અને જાહેર જીવનના પ્રશ્નોથી દૂર રહેશે, તો શું તે દેશના બાકીના યુવાનો સાથે વિચારોના સ્તરે પાછળ પડી જશે?આ સવાલનો જવાબ આજે નહીં આપીએ તો કદાચ દસ વર્ષ પછી આપવો પડશે.કારણ કે કોઈપણ સમાજની તાકાત માત્ર તેની અર્થવ્યવસ્થા નથી હોતી.તેના યુવાનોની જિજ્ઞાસા, પ્રશ્ન પૂછવાની હિંમત, વિચારોની સ્વતંત્રતા અને જવાબદાર નાગરિકતા પણ એટલી જ મહત્વની હોય છે.અને કદાચ આજે ગુજરાતને સૌથી વધુ જરૂર છેયુવાનોને કોઈ એક વિચારધારામાં નહીં, પરંતુ વિચાર કરવાની આઝાદીમાં શિક્ષિત કરવાની.એટલે અંતે માત્ર એક જ સવાલ...શું ગુજરાતનો જેન ઝી ખરેખર ભારતથી કટ થઈરહ્યો છે... કે પછી આપણે હજુ તેની અંદર સૂતેલી જિજ્ઞાસાને જગાડી જ નથી શક્યા?

નોધ- લેખક પ્રસિધ્ધ ટીવી જર્નાલીસ્ટ અને ટીવી પર ફેમસ શો ભાઈ...ભાઈ, બોલ બચ્ચન અને હાલ ટીવી 13 ગુજરાતી પર આવતા માઈન્ડ વર્સીસ મશિન વિથ મહેન્દ્ર બગડા અને ગજબ હોના એન્કર છે. પ્રતિભાવ માટે વોટ્સએપ 9909941536

# દેહ દેવાલય (મંદિર)

**અહમ્ વૈશ્વાનરો ભૂત્વા, પ્રાણીનામ દેહમાંશ્રીત: ।**
**પ્રાણાપાન સમાયુક્ત: પંચામ્યનમ, ચતુર્વિધમ।।**
**(ભગવત ગીતા 15/14)**

દેવાલય કે મંદિર શબ્દ સાંભળતા કે વાંચતા જ આપણા મન: પટલ ઉપર ભવ્યાતિભવ્ય મંદિર ની દેવાલય ની છબી ઉપસ્થિત થાય છે.એ મંદિર સોમનાથ મહાદેવ નું મંદિર હોય કે દ્વારકાધીશ ભગવાન શ્રી કૃષ્ણ નું મંદિર હોય કે અયોધ્યા વાસી ભગવાન શ્રી રામ નું મંદિર હોય.મંદિર શબ્દ સાથે આપણો ભાવ શ્રદ્ધા અને વિશ્વાસ જોડાયેલો હોય છે.આપણે આપણા દ્વારા નિર્મિત મંદિર ની પવિત્રતા અને સ્વચ્છતા ચોખ્ખાઈ માટે સતત તેનું જતન અને રક્ષણ કરે છે. આ દેહ મંદિર તો ભગવાને આપણા માતાપિતા ની કૃપા પાત્ર થી પ્રાપ્ત થયેલ પ્રસાદી છે.આથી જ સોળ સંસ્કારો માં ગર્ભાધાન સંસ્કાર નો પ્રથમ સમાવેશ થાય છે.પ્રભુ પ્રસાદ સ્વરૂપ પ્રાપ્ત થયેલ આ દેહ મંદિર આ બ્રહ્માંડ ના પંચ મહાભૂત દ્વારા નિર્મિત થયેલ છે.તે આપણે જાણીએ છીએ.અગ્નિ,પૃથ્વી,વાયુ,જળ તેજ અને આકાશ આ પંચ મહાભૂત દ્વારા પ્રાપ્ત આ કાયા દેહ માં તેજ તત્વ સ્વરૂપ આત્મા નું અવતરણ થતા જ આ દેહ હાલતો ચાલતો અને ક્રિયા પ્રક્રિયા કરતો સાકાર સ્વરૂપ ને પ્રાપ્ત કરે છે.આ પંચ તત્વો આપણા દેહ માં જ વાસ કરે છે.આપણે તેને જોઈ શકતા નથી,પરંતુ અનુભવી શકીએ છીએ.જળ તત્વ નું આ દેહ માં રહેવા નું સ્થાન આપણી જીભ છે.આપણે અનુભવી શકીએ છીએ કે તે સતત ભીની જ રહે છે.તે કોરી પડતા જ આપણે જળ (પાણી) પીવું પડે છે.

અગ્નિ તત્વ આપણા દેહ માં રહેલા જઠર (સ્ટમક) માં વાસ કરે છે.આપણે આખા દિવસ દરમિયાન ત્રણ વખત જમીએ,વચ્ચે વચ્ચે પણ કંઈક ને કંઇક ખાઈએ છીએ.આ બધું જ પચાવવા નું કાર્ય જઠરાગ્નિ કરે છે.પૃથ્વી તત્વ ચરબી સ્વરૂપે આપણા દેહ માં વાસ કરે છે.જેમ પૃથ્વી ઉપર ખાડો કરીએ તે પૂરી પણ શકીએ છીએ.તેમ આપણા દેહ માં શરીરની ચરબી ને વધારી ઘટાડી પણ શકાય છે.જે આપણા હાથ ની વાત છે.વાયુ તત્વ થી જ આપણો દેહ ચાલે છે.જેમ ઈલેક્ટ્રીક શક્તિ વગર પંખો, ટીવી કે ઈલેક્ટ્રિક સાધનો ચાલતા નથી.તેમ વાયુ તત્વ વગર આ દેહ ની કલ્પના પણ થઈ શકતી નથી.આપણે આપણા દેહ માં શ્વાસો શ્વાસ દ્વારા અને ઉપાન અને ઓડકાર,બગાસા કે છીંક દ્વારા આ દેહ માં વાયુ તત્વ નો અનુભવ કરી શકીએ છીએ.આકાશ તત્વ પણ આ દેહ માં સ્થિત જોવા મળે છે.આપણા મસ્તક માં ચાલતા અવિરત વિચારો,કાન દ્વારા સાંભળતા વિવિધ અવાજો એ આપણા આકાશ તત્વ ની ઉપસ્થિતિ નો આપણ ને અનુભવ કરાવે છે.

આ પંચ તત્વો ઉપરાંત તેજ તત્વ આ દેહ માં કાયમી વાસ કરે છે.જેને આપણે આત્મા એવું નામ આપીએ છીએ.તેનો અધિપતિ ભગવાન સૂર્ય છે.જે તેજ તત્વ સ્વરૂપ આપણા દેહ માં વાસ કરે છે.આ તેજ તત્વ નું આપણા દેહ માં રહેવા નું સ્થાન એટલે આપણી બંને આંખો ની કીકીઓ.બંને આંખો ની અંદર આ તેજ તત્વ છે.ત્યાં સુધી જ આપણે બધું જોઈ શકીએ છીએ,અનુભવી શકીએ છીએ.જેવો આ આત્મા આ દેહ છોડી જાય કે તુરંત ડોક્ટર આપણી આંખો ની કીકીઓ તપાસી આપણા દેહ માં આત્મા તત્વ નથી.તેમ જાહેર કરે છે.ત્યારે આ શરીર (દેહ) ફક્ત અને ફક્ત બોડી બની ને રહી જાય છે.આપણે ક્યારેય વિચાર્યું છે કે આ દેહ દેવાલય મંદિર સ્વરૂપ માનવ શરીર જે સ્વયમ પરમાત્મા દ્વારા નિર્મિત છે એ કેટલું પવિત્ર અને હાલતું ચાલતું મંદિર છે.તેમાં બેઠેલા આત્મા સ્વરૂપ પરમાત્મા આપણી વાત સાંભળે છે અને અંત: કરણ થી આપણ ને જવાબ પણ આપે છે. આપણું સતત માર્ગદર્શન પણ કરે છે.જરૂર છે આપણી અંદર બેઠેલા આત્મ તત્વ ને ઓળખવા ની !!!!!!.

આથી જ નરસિંહ મહેતા જેવા પ્રભુ ને પામેલા ભક્ત કવિઓ એ ચોખ્ખું જ કહ્યું છે કે *જયાં સુધી આત્મ તત્વ ચિંત્યો નહીં ત્યાં સુધી સર્વ સાધના જૂઠી*પાનબાઈ પણકહે કે આત્મા ને ઓળખ્યા વિના ભવ ના ફેરા નહીં ટળે.તો આ જીવતા જાગતા દેહ મંદિર ની કેટલી આમન્યા આપણે રાખવી જોઈએ??તેના પ્રત્યે પણ આપણી નિષ્ઠા,શ્રધ્ધા અને વિશ્વાસ હોવો જોઈએ.??.દેહ મંદિર ની રક્ષા કરવા તેમાં બેઠેલા આત્મા રૂપી પરમાત્મા ને જાણવા ઓળખવા માટે આ દેહ રૂપી દેવાલય ની આપણે રક્ષા કરવી એ પણ આપણી સાધના તપ છે.આપણા મન માં,હદય માં આ દેહ માટે દેવાલય નો ભાવ થશે કે તુરંત આપણે આ દેહ માં વ્યસનો રૂપી ચોર લુંટારાઓ ને પ્રવેશ કરવા દેશું નહીં.આપણા માં જે ખરાબ કુટેવો આપણ ને વળગી પડી હશે તેનો તુરંત ત્યાગ કરીશું.આપણી અંદર રહેલી કુટેવો આપોઆપ છૂટવા લાગશે.

આપણા દેહ માં આત્મા સ્વરૂપ પરમાત્મા નો વાસ છે એ ભાવ,એ વિશ્વાસ એ શ્રધ્ધા જ્યારે આપણા માં આવશે ત્યારે આપણી અંદર રહેલા વિકારો પણ શાંત થઈ જશે.આ દેહ દેવાલય મંદિર માં વ્યસનો ને કે આપણી કુટેવો ને કાયમી માટે તિલંજલી આપીશું.બીજાઓ મારે માટે શું કરે છે?? કહે છે??. તેમાંથી છૂટી મારે બીજાઓ માટે શું કરવું જોઈએ??.મારી ફરજ હું ખૂબ સારી રીતે કેમ નિભાવું?? આ દેહ દેવાલય મંદિર માં રહેલા ઈશ્વર ની સમીપ ક્યારે હું પહોંચું??આવી સમજણ શક્તિ નો વિકાસ અવશ્ય થશે.આવી વૃતિ જેના જીવન માં જાગશે તેનાથી જ આ દેહ દેવાલય મંદિર બની જશે.આ માટે આપણેઅંત માં શાસ્ત્રો એ કહ્યું છે એમ.

**સર્વે ભવન્તુ સુખી નો, સર્વે સંતુ નિરામયાં.**
**સર્વે ભદ્રાણી પશ્યન્તુ,માં કશ્ચિત્ દુ:ખ માપ્યુયાત્**

શુભમ ભવતુ



**શાસ્ત્રી શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી**
MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)
સાવરકુંડલા/ભાવનગર/બરોડા.
(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને જ્યોતિષાચાર્ય માર્ગદર્શક)
(વૈદિક સત્ કાર્ય ના સંવાહક)
મો.94264 84288, મો. 63536 03800

# 'શ્રી સરકાર' થઈ ગયેલ સંપત્તિ પાછી મળી શકે ?



કાયદાની કલમે...
નિલેશભાઈ એન. ચૌહાણ
એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ (M.Com, LL.B.)

નમસ્કાર વાંચક મિત્રો,

ઘણા લોકો એવું સમજતા હોય છે કે જે સંપત્તિ સરકાર હસ્તક જપ્ત થઈ જાય તે પરત મળી શકે નહીં ખરેખર એવું નથી અમુક ચોક્કસ સંજોગોમાં 'શ્રી સરકાર' થઈ ગયેલી જમીન કાયદેસર રીતે પાછી મેળવી શકાય છે.

પરંતુ, આ પ્રક્રિયા ખૂબ જ લાંબી અને કાયદાકીય ગૂંચવણોવાળી હોય છે. જમીન પાછી મળશે કે નહીં, તેનો આધાર મુખ્યત્વે જમીન કયા કારણસર શ્રી સરકાર થઈ છે?" તેના પર રહેલો છે.

શ્રી સરકાર થયેલી જમીન પાછી મેળવવા માટેના કાનૂની રસ્તાઓ અને નિયમો નીચે મુજબ છે.

*૧. કલેક્ટર સમક્ષ 'રી-ગ્રાન્ટ' (Re-grant) માટેની અરજી*જો તમારી જમીન કોઈ સામાન્ય 'શરત ભંગ' (Breach of Condition) ના કારણે શ્રી સરકાર થઈ હોય, તો તમે જમીન પાછી મેળવી શકો છો.

* દાખલા તરીકે, જમીન નવી શરતની હોય અને પ્રીમિયમ ભર્યા વગર તેમાં બાંધકામ કરી દીધું હોય અથવા બિનખેતી (NA) ની મંજૂરી વગર ઉપયોગ બદલ્યો હોય.

* આવા કિસ્સામાં, ગુજરાત જમીન મહેસૂલ કાયદા (Land Revenue Code) મુજબ તમે જિલ્લા કલેક્ટરને જમીન

*'રી-ગ્રાન્ટ' (પુનઃ ફાળવણી) કરવા માટે અરજી કરી શકો છો. સરકાર દ્વારા નક્કી કરેલો ભારે દંડ (Penalty) અને પ્રીમિયમ ભરીને આ જમીન ફરીથી તમારા નામે થઈ શકે છે.

*૨. ઉપલી કચેરીમાં અપીલ (Appeal) દાખલ કરવી - જો મામલતદાર કે પ્રાંત અધિકારીએ ગણોત ધારા (Tenancy Act) ની કલમ ૬૩ (બિન-ખેડૂતે જમીન ખરીદવી) કે કલમ ૪૩ (મંજૂરી વગર વેચાણ) હેઠળ જમીન શ્રી સરકાર કરવાનો હુકમ કર્યો હોય, તો દંડ ભરીને જમીન સીધી પાછી મળતી નથી. આ માટે તમારે અપીલ કરવી પડે છે.

*પ્રથમ અપીલ* પ્રાંત અધિકારીના હુકમ સામે જિલ્લા કલેક્ટર (Collector) માં.

*દ્વિતીય અપીલ - કલેક્ટરના હુકમ સામે ગાંધીનગર ખાતે મહેસૂલ સચિવ (SSRD - Special Secretary Revenue Department / મહેસૂલ પંચ) સમક્ષ રિવિઝન અરજી કરવી પડે.

* જો અહીં તમે સાબિત કરી શકો કે નીચલી કચેરીનો હુકમ ગેરકાયદેસર હતો અથવા તમારા પુરાવા ધ્યાનમાં લેવાયા ન હતા, તો શ્રી સરકારનો હુકમ રદ થઈ શકે છે.

૩. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન

જો મહેસૂલ વિભાગ (SSRD) માંથી પણ તમારી અપીલ નામંજૂર થાય, તો છેલ્લો રસ્તો ગુજરાત હાઈકોર્ટમાં રિટ દાખલ કરવાનો રહે છે.

જો સરકારી અધિકારીઓએ કાયદાનું ખોટું અર્થઘટન કરીને તમારી સંપત્તિ છીનવી હોય, તો હાઈકોર્ટ તે હુકમ રદ કરી શકે છે.

* ખૂબ જ અગત્યની બાબત સમય મર્યાદા (Limitation)

જમીન શ્રી સરકાર થવાનો હુકમ થાય, તે તારીખથી સામાન્ય રીતે ૬૦ થી ૯૦ દિવસની અંદર ઉપલી કચેરીમાં અપીલ દાખલ કરવી ફરજિયાત છે.

જો વર્ષો વીતી ગયા હોય, તો અપીલ સાથે 'વિલંબ માફી' (Condonation of Delay) ની અરજી કરવી પડે છે અને મોડું થવાનું નક્કર કારણ આપવું પડે છે. નહીંતર મુદત વીતી જવાના કારણે અરજી સીધી જ કાઢી નાખવામાં આવે છે.

# વેસ્ટમાંથી બેસ્ટ કૃતિઓ બનાવી ગુરુકુળ સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓએ સર્જનાત્મકતાનો આપ્યો પરિચય...






■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા ના સાયન્સ વિભાગના ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ માટે "વેસ્ટમાંથી બેસ્ટ" વિષય પર સર્જનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ ઘરમાંથી એકત્ર કરેલી નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને સુંદર અને ઉપયોગી કૃતિઓ તૈયાર કરી સૌનું ધ્યાન આકર્ષિત કર્યું.

વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિકની બોટલો, કાર્ડબોર્ડ, જૂના અખબારો, વપરાયેલી સીડી, કાચની બોટલો, કપડાં તથા અન્ય વેસ્ટ સામગ્રીમાંથી શૈક્ષણિક મોડેલો, સુશોભન સામગ્રી, ઉપયોગી ઘરવપરાશની વસ્તુઓ અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપતી કૃતિઓ બનાવી હતી.

વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ, વૈજ્ઞાનિક અભિગમ અને સર્જનાત્મકતાની સૌએ પ્રશંસા કરી હતી.આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં Reduce, Reuse અને Recycleની ભાવના વિકસાવવી, પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવી તેમજ કચરામાંથી ઉપયોગી વસ્તુઓ બનાવવાની કળા વિકસાવવાનો હતો.

સંસ્થા નાં મેનેજીંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી, ડાયરેક્ટર શ્રી,આચાર્યશ્રી અને શિક્ષકગણે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક વિચારશક્તિ, આત્મવિશ્વાસ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો વિકાસ કરે છે. અંતે વિદ્યાર્થીઓની કૃતિઓનું પ્રદર્શન યોજાયું, જેને સૌએ ખૂબ જ સરાહના કરી સંસ્થા ના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી એ આશીર્વાદ આપ્યા હતા.



# આઈ.ટી.આઈ. સાવરકુંડલા ખાતે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળો યોજાશે

અમરેલી તા.૨૭ જુલાઈ,૨૦૨૬ (સોમવાર) અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI)- સાવરકુંડલાના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો આગામી તા. ૨૯/૦૭/૨૦૨૬ના બુધવારના રોજ સવારે ૧૧ કલાકે સાવરકુંડલામાં રેલવે ફાટક પાસે આઈ.ટી.આઈ. સાવરકુંડલા ખાતે યોજાશે. આ મેળામાં EDF INTERNATIONAL NETWORKS કંપની દ્વારા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલર જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. ઉમેદવારની વય ૧૮ થી ૫૦ વર્ષ હોવી જોઈએ. શૈક્ષણિક લાયકાત આઈ.ટી.આઈ ઈલેક્ટ્રીશીયન /વાયરમેન માટે ધોરણ ૧૦ અને ૧૨ પાસ સાથે ૧ વર્ષનો અનુભવ જરૂરી છે. પગાર રૂ. ૨૫ હજાર પ્રતિ માસ રહેશે. કાર્યસ્થળ અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓ રહેશે. EDF INTERNATIONAL NETWORKS કંપનીમાં માત્ર પુરુષ ઉમેદવારો જ ભાગ લઈ શકશે. ઉપરાંત credit access gramin limited savarkundla દ્વારા ટ્રેનિંગ બ્રાન્ચ મેનેજર માટે ભરતી કરવામાં આવશે.

આ માટે ઉમેદવારની ઉંમર ૧૮ થી ૩૦ વર્ષ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ અથવા તેથી વધુ હોવી જરૂરી છે અને માસિક પગાર ૧૬૦૦૦રહેશે. કામગીરીનું સ્થળ સાવરકુંડલા, ધાસા, વિસાવદર અને ઉના રહેશે. આ ભરતીમાં સ્ત્રી તથા પુરુષ બંને ઉમેદવારો ભાગ લઈ શકશે. રસ ધરાવતા ઉમેદવારોએ ભરતીમેળાના સ્થળે પોતાના મૂળ શૈક્ષણિક પ્રમાણપત્રો, આધારકાર્ડ અને બાયોડેટા જેવા જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવાનું રહેશે.

ખાસ નોંધનીય છે કે, ભરતીમેળામાં ભાગ લેતા પહેલા ઉમેદવારોએ ફરજીયાતપણે અનુબંધમ પોર્ટલ પર જઈને પોતાની ઓનલાઈન નોંધણી http//anubandham. gujarat.gov.in/ account/signup. લિંક પર કરવાનું રહેશે. આ ભરતીમેળા અંગે વધુ વિગતો માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના ફોન નંબર ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરી શકાશે. તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ભેસાણ ડેમ ખાતે ચાલી રહેલા ઈમરજન્સી મરામત કાર્યની ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ લીધી સમીક્ષા



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ ભેસાણ ડેમ ખાતે સિંચાઈ વિભાગ દ્વારા ચાલી રહેલા બંધના ઈમરજન્સી મરામત કાર્યની સ્થળ મુલાકાત લીધી હતી. તેમણે સ્થળ પર ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કરી અધિકારીઓ પાસેથી કામની પ્રગતિ અંગે વિગતવાર માહિતી મેળવી હતી.ધારાસભ્યશ્રીએ મરામત કાર્ય ઝડપથી, ગુણવત્તાસભર અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. સાથે જ કામ દરમિયાન સલામતીના તમામ ધોરણોનું પાલન થાય તેમજ કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી ન રહે તેની પણ ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું.આ મુલાકાત દરમિયાન સિંચાઈ વિભાગના અધિકારીઓ અને સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ગામની નર્સરીની શૈક્ષણિક મુલાકાત લઈ પ્રકૃતિનું મહત્વ જાણ્યું





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

શિક્ષણ માત્ર વર્ગખંડની ચાર દીવાલો પૂરતું સીમિત નથી. પ્રકૃતિ, પર્યાવરણ અને સમાજમાંથી પણ જીવન ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, વૃક્ષપ્રેમ અને પ્રકૃતિ પ્રત્યે સંવેદના કેળવવાના હેતુથી મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળા દ્વારા ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓ માટે ગામની નર્સરીની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

નર્સરી ખાતે વિદ્યાર્થીઓએ હરિયાળું અને પ્રકૃતિમય વાતાવરણ, સ્વચ્છ હવા, વિવિધ પ્રકારના વૃક્ષો, છોડ તથા ફૂલોનું નિરીક્ષણ કરી આનંદ અનુભવ્યો. સૌપ્રથમ વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ રીતે બેસાડવામાં આવ્યા બાદ શાળાના શિક્ષક શ્રી વિભાકરભાઈએ નર્સરીનું મહત્વ, તેના હેતુ તેમજ વિવિધ છોડ અને વૃક્ષોના માનવજીવનમાં રહેલા ઉપયોગ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ શિક્ષિકા શ્રીમતી પૂજાબેને વન્યજીવો, જંગલોનું મહત્વ અને વિવિધ પ્રાણીઓ વિશે રસપ્રદ માહિતી આપી.

આ પ્રસંગે નર્સરીના આર.એફ.ઓ. શ્રી એમ.એ. મકવાણા સાહેબે વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવવાનું મહત્વ સમજાવ્યું. વનપાલ શ્રી આર.એમ. ખુમાણ સાહેબે નર્સરીની કામગીરી અને પર્યાવરણ સંરક્ષણ અંગે ટૂંકી પરંતુ પ્રેરણાદાયી માહિતી આપી. ફોરેસ્ટ ગાર્ડ કુ. આર.ટી. લાધવાએ દીકરીઓ આજે દરેક ક્ષેત્રમાં સફળતાપૂર્વક આગળ વધી રહી છે અને આત્મવિશ્વાસ સાથે પોતાની જવાબદારીઓ નિભાવી શકે છે તે અંગે પ્રેરણાદાયી સંદેશ આપ્યો.

ત્યારબાદ શ્રી એસ.એમ. ડેગાળા સાહેબે વિદ્યાર્થીઓને નર્સરીમાં આવેલા વિવિધ વૃક્ષો, ફળઝાડ, ઔષધીય છોડ અને તેમની ઉપયોગિતાની સ્થળ પર જ વિગતવાર માહિતી આપી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછીને જિજ્ઞાસા વ્યક્ત કરી અને પ્રકૃતિ વિશે નવી જાણકારી મેળવી. આવી શૈક્ષણિક મુલાકાતોથી પુસ્તકીય જ્ઞાન સાથે વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત થતું હોવાથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેનો લગાવ વધુ મજબૂત બને છે.

કાર્યક્રમના અંતે સૌએ સંયુક્ત સ્મૃતિચિત્ર પડાવ્યું. નર્સરી પરિવાર દ્વારા દરેક વિદ્યાર્થીને વૃક્ષારોપણનો સંદેશ આપતા યાદગીરીરૂપે એક-એક છોડનું વિતરણ કરવામાં આવ્યું તેમજ મીઠું મોઢું કરાવી સૌને શુભેચ્છાઓ સાથે વિદાય આપવામાં આવી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકશ્રી ઉમેશભાઈ, જયદીપભાઈ, કાશ્મીરાબેન, ધર્મિષ્ઠાબેન સહિત સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન માટેનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ સંલગ્ન,શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં તારીખ 21 જુલાઈ 2026 ના રોજ કારકિર્દી માર્ગદર્શન માટેનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ થી ભાવિનભાઈ માંકડ તથા સલીમભાઈ આવ્યા હતા. તેઓએ સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી કેવી રીતે કરી શકાય તથા ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષા પદ્ધતિઓ કેવા પ્રકારની હોય છે તથા સારી સ્મૃતિના લક્ષણો વિશે વિસ્તારપૂર્વક વ્યાખ્યાન આપ્યું હતું. વિદ્યાર્થીની બહેનોના કારકિર્દી ઘડતર માટે આ માર્ગદર્શન ખૂબજ ઉપયોગી બન્યું હતું કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડી. એલ. ચાવડા સાહેબે સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યું હતું તથા આયોજન કર્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફ મિત્રોનો સહયોગ મળ્યો હતો.



# કાણકિયા કોલેજ ખાતે વિદ્યાર્થી સહકારી મંડળીની સાધારણ સભા અને સર્ટિફિકેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

શ્રી નુતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટસ અને શ્રી એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે તા. 23 જુલાઈ 2026 ને ગુરુવારના રોજ વિદ્યાર્થીઓ માટેની કોલેજ કેમ્પસ સહકારી મંડળીની ત્રીજી વાર્ષિક સાધારણ સભાનું આયોજન થયું હતું. આ સાધારણ સભાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી મનીષભાઈ સંઘાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર આદરણીય શ્રી શરદભાઈ પંડ્યા, શહેર ભાજપ પ્રમુખશ્રી અનિરુદ્ધસિંહ રાઠોડ તથા યુવા પાંખના અગ્રણી શ્રી શિવાંગભાઈ ત્રિવેદી, જિલ્લા સહકારી સંઘમાંથી શ્રી ભાર્ગવભાઈ ત્રિવેદી તથા શ્રી સાગરભાઈ મહેતા વગેરે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.કાર્યક્રમની શરૂઆત કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયાના સ્વાગત પ્રવચન સાથે થઈ હતી. રવિયા સાહેબે આ તકે કોલેજમાં ચાલતી સહકારી મંડળીની કામગીરી તથા આગામી સમય માટે નવા સભ્યોની નોંધણી વગેરે વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ આપ્યું હતું. ત્યાર બાદ સાધારણ સભામાં સર્વાનુમતે વિદ્યાર્થીઓની નવી કારોબારી કમિટીની રચના કરવામાં આવી અને નવા પ્રમુખની વરણી પણ કરવામાં આવી. ગત વર્ષના પ્રમુખ ભાગ્યશ્રીબેન શીલુનો પ્રમુખ તરીકે કાર્યકાળ પૂર્ણ થતાં દ્વિતીય વર્ષ બી.કોમ. માં અભ્યાસ કરતા વિદ્યાર્થી જેઠવા કિર્તન નવા પ્રમુખ તરીકે પસંદગી પામ્યા. શ્રી ભાર્ગવભાઈ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે તેઓ નાની પણ અગત્યની કહી શકાય એવી અનેક પ્રવૃત્તિઓ કરી શકે છે અને આ માટે જિલ્લા કક્ષાએથી તમામ પ્રકારની સહાય આપવાનું તેમણે વચન આપ્યું હતું.જિલ્લા કક્ષાના આગેવાન શ્રી મનીષભાઈ સંઘાણીએ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરતા જણાવ્યું હતું કે સહકાર ક્ષેત્ર ખૂબ જ વિશાળ છે. આગામી સમયમાં 'વિના સહકાર નહીં ઉદ્ધાર'ની ઉક્તિને સાર્થક કરીને વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર ક્ષેત્ર સાથે જોડાઈ શકે છે, જેની શરૂઆત અને પ્રશિક્ષણ તેઓએ કોલેજ કક્ષાએ આ સહકારી મંડળીના માધ્યમથી લેવાનું આહવાન કર્યું હતું.આ સભામાં સહકારના પ્રશિક્ષણ વર્ગના તાલીમાર્થીઓને સર્ટિફિકેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન અને સંચાલન કોલેજના કોમર્સ વિભાગના અધ્યાપક ડૉ. એચ.આર. દેસરાણીએ કર્યું હતું તેમજ અન્ય અધ્યાપક શ્રીઓ ડૉ. અર્જુનસિંહ પરમાર, ડૉ.આશિષ ભાઈ ચૌહાણ, ડૉ. પુષ્પાબેન રાણીપા વગેરે સ્ટાફ મિત્રોએ પણ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.



# સંગીત

**લીવ આર્ટિસ્ટિક**

**કંદર્પ ભટ્ટ**

M.A.B.Ed in Music

# રાગ કેદારો

નરસિંહ મહેતા માટે તેમનો કેદારો રાગ એ જ તેમનું સર્વસ્વ હતું, કારણ કે એ રાગ ગાવાથી ભગવાન કૃષ્ણ દોડી આવતા. પરંતુ પુત્રના લગ્નની લાજ રાખવા માટે તેમણે ભારે હૃદયે શાહુકારની શરત સ્વીકારી લીધી. તેમણે શાહુકારના ચોપડામાં લખી આપ્યું કે, "હું મારો પ્રિય કેદારો રાગ ગીરો મૂકું છું. દેવું પૂરું ન થાય ત્યાં સુધી હું આ રાગ ગાઈશ નહીં." શાહુકારે તેમને લગ્ન માટે નાણાં આપી દીધા. સામળશાના લગ્ન ભગવાનની કૃપાથી ધામધૂમથી પતી ગયા, પણ નરસિંહ મહેતા હવે કેદારો રાગ ગાઈ શકતા નહોતા.

* રા`માંડલિકની જેલ અને મૃત્યુદંડની શરતઆ બાજુ, જૂનાગઢના રાજા રા`માંડલિકના કાન કેટલાક ઈર્ષાળુ નાગરોએ ભર્યા કે નરસિંહ ઢોંગી છે. રાજાએ નરસિંહ મહેતાની ભક્તિની પરીક્ષા લેવા માટે તેમને દામોદર મંદિરમાં પૂરી દીધા. રાજાએ કઠોર શરત મૂકી "જો સવાર સુધીમાં ભગવાન કૃષ્ણ પોતે આવીને તારા ગળામાં હાર નહીં પહેરાવે, તો સવારે તને મૃત્યુદંડ આપવામાં આવશે.

* કટોકટીની ક્ષણ અને ભગવાનની આકુળતારાત વીતવા લાગી. નરસિંહ મહેતાએ જેલમાં બેઠા બેઠા પ્રભુને રીઝવવા માટે એક પછી એક રાગ ગાવાનું શરૂ કર્યું. પણ તેમનું સંકટ એટલું મોટું હતું કે ભગવાનને તાત્કાલિક પ્રગટ કરવા માટે 'કેદારો' રાગ ગાવો જ પડે તેમ હતો. પરંતુ નરસિંહ મહેતા વચનના પાકા હતા. તેમણે શાહુકારને આપેલું વચન તોડવા નહોતા માંગતા. તેઓ જેલમાં રડતા રડતા ભગવાનને આજીજી કરવા લાગ્યા કે, "પ્રભુ, મારો કેદારો તો ગીરો પડ્યો છે, હું તે કેવી રીતે ગાઉં?"ભક્તની આ વ્યાકુળતા અને લાજ જતા જોઈને વૈકુંઠમાં બેઠેલા ભગવાન શ્રીકૃષ્ણ અધીરા બન્યા. ભક્ત કટોકટીમાં હોય ત્યારે ભગવાન કાયદો કે નિયમ જુએ નહીં.

* ભગવાને પોતે શાહુકારનું દેવું ચૂકવ્યુંભગવાન શ્રીકૃષ્ણ મધ્યરાત્રિએ સાક્ષાત એક વણઝારા (વેપારી)નું સ્વરૂપ ધારણ કરીને જૂનાગઢના એ શાહુકારના ઘરે પહોંચ્યા. ભગવાને શાહુકારને જગાડ્યો અને કહ્યું "હું નરસિંહ મહેતાનો સેવક છું. આ લો તમારા રૂપિયા વ્યાજ સાથે પાછા, અને નરસિંહ મહેતાનો 'કેદારો' રાગ અત્યારે જ મુક્ત કરો." ભગવાને સોનામહોરો આપીને શાહુકારના ચોપડામાં દેવું ચૂકતે કરાવી દીધું અને કેદારો રાગ છોડાવી લીધો.

* રાગ મુક્ત થયો અને ચમત્કાર થયોજેવી ભગવાને ત્યાં રાગની મુક્તિ કરાવી, કે તરત જ જેલમાં બંધ નરસિંહ મહેતાને આંતરિક પ્રેરણા થઈ કે તેમનો રાગ મુક્ત થઈ ગયો છે. નરસિંહ મહેતાએ પૂર્ણ શક્તિથી હૃદયના તાર ઝણઝણાવીને 'કેદારો રાગ' આલાપ્યો.કેદારાના સૂરો હવામાં ગુંજતાની સાથે જ સવારના પ્રભાત કિરણોમાં સાક્ષાત ભગવાન દામોદરા રાય મંદિરની મૂર્તિમાંથી પ્રગટ થયા અને નરસિંહ મહેતાના ગળામાં પુષ્પમાળા (હાર) પહેરાવી દીધી. રા`માંડલિક અને આખું જૂનાગઢ આ ચમત્કાર જોઈને નરસિંહના ચરણોમાં નમી પડ્યું.આ પ્રસંગ દર્શાવે છે કે ભગવાન પોતાના ભક્તની કળા, વચન અને લાજ રાખવા માટે પોતે દેવાદાર બનવા પણ તૈયાર થઈ જાય છે.

# લીલીયાની સરકારી કૉલેજમાં એન્ટી રેગિંગ અને માનવ અધિકાર જાગૃતિનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા




જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો.સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, લીલીયા ખાતે તા. ૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ એન્ટી રેગિંગ કમિટીના ઉપક્રમે "એન્ટી રેગિંગ અને નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન (NHRC) માર્ગદર્શિકા અંગે જાગૃતિ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રેગિંગ નિવારણ, માનવ અધિકારોના રક્ષણ તેમજ સુરક્ષિત, સમાનતાપૂર્ણ અને ભયમુક્ત કેમ્પસ વાતાવરણ અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ની એન્ટી રેગિંગ રેગ્યુલેશન્સ-૨૦૦૯, રેગિંગ વિરોધી કાયદાકીય જોગવાઈઓ, એન્ટી રેગિંગ કમિટી અને એન્ટી રેગિંગ સ્ક્વોડની કામગીરી, ફરિયાદ નિવારણ વ્યવસ્થા તેમજ રેગિંગ સામે તાત્કાલિક ફરિયાદ કરવાની પ્રક્રિયા અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.આ ઉપરાંત કોલેજ કેમ્પસમાં CCTV દ્વારા દેખરેખ, અચાનક તપાસ (Surprise Checks), નિયમિત જાગૃતિ કાર્યક્રમો તથા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ ફરિયાદ નિવારણ વ્યવસ્થા વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પરસ્પર સન્માન, શિસ્ત, માનવ ગૌરવ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ જાળવવા તેમજ રેગિંગ જેવી અસામાજિક પ્રવૃત્તિઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી હતી.કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ રેગિંગમુક્ત કેમ્પસ નિર્માણ માટે પોતાનું સક્રિય યોગદાન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં એન્ટી રેગિંગ કાયદા, NHRCની માર્ગદર્શિકા તથા સુરક્ષિત શૈક્ષણિક વાતાવરણના મહત્વ અંગે અસરકારક જાગૃતિ પ્રસરી હતી.આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડ, એન્ટી રેગિંગ કમિટીના સભ્યો, પ્રાધ્યાપકગણ, બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ આયોજન સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લીલીયાની એન્ટી રેગિંગ કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું.

# જે. વી. મોદી હાઈસ્કૂલ, સાવરકુંડલામાં BIS સ્ટાન્ડર્ડ ક્લબ અંતર્ગત માનાંક લેખન સ્પર્ધાનું આયોજન

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા



સાવરકુંડલા સ્થિત જે. વી. મોદી હાઈસ્કૂલ ખાતે તા. 24 જુલાઈ, 2026ના રોજ ભારતીય માનાંક બ્યુરો (BIS)ના સ્ટાન્ડર્ડ ક્લબ અંતર્ગત માનાંક લેખન સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પ્રેશર કુકર વિષય પર ભારતીય માનકોના પરિપ્રેક્ષ્યમાં અભ્યાસપૂર્ણ, સર્જનાત્મક અને વિશ્લેષણાત્મક લેખન રજૂ કરીને પોતાની અભિવ્યક્તિ ક્ષમતાનો પરિચય આપ્યો હતો.આ પ્રસંગે BIS, રાજકોટના અધિકારી શ્રી અભિનવ સિંધે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભારતીય માનાંક બ્યુરોની કાર્યપદ્ધતિ, ગુણવત્તા , ઉપભોક્તા જાગૃતિ તથા દૈનિક જીવનમાં ભારતીય માનકોના મહત્વ અંગે માહિતીસભર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ શાળાની સંગીત ટીમ દ્વારા પ્રાર્થના સાથે કરવામાં આવ્યો હતો. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીતુભાઈ ભટ્ટે પુષ્પગુચ્છ અને પુસ્તક તથા સ્વાગત પ્રવચન દ્વારા મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું, જયારે સમગ્ર કાર્યક્રમનું અસરકારક સંચાલન શ્રી કૃણાલભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.શાળામાં કાર્યરત BIS સ્ટાન્ડર્ડ ક્લબનું માર્ગદર્શન મેન્ટર શ્રી સાવજ નીતિન તથા શ્રી હરેશભાઈ ગુજરાતી દ્વારા આપવામાં આવે છે. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સમગ્ર શિક્ષકવૃંદ અને કર્મચારીગણે નોંધપાત્ર સહયોગ આપ્યો હતો. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને અલ્પાહાર પીરસવામાં આવ્યો હતો.કાર્યક્રમની સફળતા બદલ નૂતન કેળવણી મંડળના પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન ઘેલાણી ઉપપ્રમુખ શ્રી કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ નાગ્રેચા તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીતુભાઈ ભટ્ટ આયોજકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા.

# સુરત લોક અદાલતમાં શ્રેષ્ઠ કામગીરી બદલ યુવા એડવોકેટ જય અજમેરાનું ગૌરવપૂર્ણ સન્માન



સુરત ખાતે તા. 11 જુલાઈ, 2026ના રોજ યોજાયેલી લોક અદાલતમાં શ્રેષ્ઠ, અસરકારક અને પ્રશંસનીય કામગીરી બદલ સુરતના યુવા વકીલ એડવોકેટ જય અજમેરાને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી,સુરત ના ચેરમેન શ્રી આર. એ. ત્રિવેદી સાહેબ તથા ડી.આર. જોષી સાહેબ દવારા સન્માનિત કરવામાં આવ્યા હતા. લોક અદાલત એ વૈકલ્પિક વિવાદ નિવારણનું એક મહત્વપૂર્ણ અને અસરકારક માધ્યમ છે, જેમાં પક્ષકારો ને ઝડપી, સરળ અને સૌહાર્દપૂર્ણ રીતે વિવાદનો ઉકેલ મેળવવા ની તક મળે છે.આ લોક અદાલત દરમિયાન એડવોકેટ જય અજમેરાએ પોતાની કાયદાકીય કુશળતા, અસરકારક રજૂઆત, મહેનત અને પક્ષકારોના હિત પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે નોંધપાત્ર કામગીરી કરી હતી. તેમની કામગીરીને ધ્યાને લઈ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન યુવા વકીલ જય અજમેરાની કાનૂની ક્ષેત્રમાં વધતી પ્રતિષ્ઠા અને તેમની કાર્યક્ષમતા માટેની એક મહત્વપૂર્ણ સિદ્ધિતરીકે જોવામાં આવી રહી છે.નાની ઉંમરે કાનૂની ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી રહેલા એડવોકેટ જય અજમેરા એ પોતાની મહેનત, નિષ્ઠાઅને કાયદાકીય જ્ઞાનના આધારે વિશિષ્ટ સન્માન પ્રાપ્ત કર્યું છે.તેમના આ સન્માન થી પરીવારજનો વકીલમિત્રો અને કાનૂની ક્ષેત્ર સાથે સંકળાયેલા શુભેચ્છકોમાં આંનદની લાગણી ફેલાઈ છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો તથા કાનૂની ક્ષેત્રના સહકર્મીઓએ એડવોકેટ જય અજમેરાને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ તેઓ કાનૂની ક્ષેત્રમાં વધુ પ્રગતિ કરે તથા સમાજના જરૂરિયાતમંદ લોકોને ન્યાય અપાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# "આજે તણાવ ઘટાડો, આવતીકાલનું સ્વાસ્થ્ય બચાવો"




સૌથી પ્રચલિત માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓમાંની એક ચિંતા (ગભરામણ) છે, જે અતિશય અધીરાઈ અને બેચેની તરફ દોરી શકે છે. ચિંતા એ ભય, ડર અને અસ્વસ્થતાની લાગણી છે. તે તમને પરસેવો, બેચેની અને તણાવ અનુભવવા અને ઝડપી ધબકારાનું કારણ બની શકે છે. તે તણાવની સામાન્ય પ્રતિક્રિયા હોઈ શકે છે.

ઉદાહરણ તરીકે, જ્યારે તમે કામ પર કોઈ જટિલ સમસ્યાનો સામનો કરો છો ત્યારે, પરીક્ષા આપતા પહેલા અથવા કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેતા પહેલા તમે ચિંતા અનુભવી શકો છો. તણાવ (Stress) અને ચિંતા વચ્ચે થોડી ભેદરેખા છે. બંને ભાવનાત્મક પ્રતિભાવો છે, પરંતુ તાણ (Stress) સામાન્ય રીતે બાહ્ય ટ્રિગરને (પ્રતિક્રિયાઓ) કારણે થાય છે. પ્રતિક્રિયાઓ ટૂંકા ગાળાના હોઈ શકે છે, જેમ કે કામની સમયસીમા અથવા કોઈ પ્રિય વ્યક્તિ સાથેની લડાઈ અથવા લાંબા ગાળાના, જેમ કે કામ કરવામાં અસમર્થતા, ભેદભાવ અથવા લાંબી માંદગી. તાણ હેઠળના લોકો માનસિક અને શારીરિક લક્ષણોનો અનુભવ કરે છે, જેમ કે ચીડિયાપણું, ગુસ્સો, થાક, સ્નાયુઓમાં દુખાવો, પાચનની તકલીફો અને ઊંઘમાં મુશ્કેલી. ચિંતા, બીજી બાજુ, સતત, વધુ પડતી ચિંતાઓ દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે તણાવની ગેરહાજરીમાં પણ દૂર થતી નથી. ચિંતા તણાવ જેવા લક્ષણોના લગભગ સમાન સમૂહ તરફ દોરી જાય છે અનિદ્રા, ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી, થાક, સ્નાયુ તણાવ અને ચીડિયાપણું. ચિંતા અને આધાશીશીના (માઈગ્રેનના) એપિસોડ બેચેન વ્યક્તિઓમાં સામાન્ય છે. મેગ્નેશિયમને શોષવા માટે શરીર માટે વિટામિન ડી જરૂરી છે, આ વિટામિનની ઉણપથી માઈગ્રેનના હુમલાની શક્યતા વધી શકે છે.

**તાણના માથાનો દુખાવો અને ચિંતા વચ્ચે શું સંબંધ છે? ચિહ્નો અને લક્ષણો શું છે?**

સંશોધનના આધારે, જો ચિંતા અથવા ડિપ્રેશન ધરાવતી વ્યક્તિની દવા દ્વારા સારવાર કરવામાં આવી રહી હોય તો માથાનો દુખાવો, અસ્વસ્થતા (Anxiety) અને હતાશા (Depression) સામાન્ય ન્યુરોલોજીકલ સમસ્યા દ્વારા સીધી રીતે અથવા અપ્રત્યક્ષ રીતે અનિચ્છનીય આડઅસરો દ્વારા જોડાયેલ હોઈ શકે છે. વધુમાં, જો તમને માથાનો દુખાવો હોય, તો તમે અસ્વસ્થતા અનુભવી શકો છો અને કામ પર અથવા મહત્વપૂર્ણ પરીક્ષણ દરમિયાન યોગ્ય રીતે પ્રદર્શન કરવામાં અસમર્થ હોવાની ચિંતા કરી શકો છો.

## અમરેલીના વિવિધ ગામડાઓમાં તળાવો છલકાયા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ કર્યા નવા નીરના વધામણા





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા. ૨૫ જુલાઈ,૨૦૨૬ - અમરેલી જિલ્લામાં ચાલુ ચોમાસાની સીઝનમાં થયેલા સાર્વત્રિક અને સારા વરસાદના પગલે સ્થાનિક જળાશયો તેમજ ગ્રામીણ તળાવોમાં વિપુલ પ્રમાણમાં નવા નીરની આવક થઈ છે. આ શુભ અવસરે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરેલીના દેવભૂમિ દેવળિયા, ચક્કરગઢ, મોટા ભંડારિયા, બાબાપુર, મેડી અને ચાડિયા મુકામે ઉમંગભેર નવા નીરના વધામણા કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના સુજલામ સુફલામ જળસંચય અભિયાનને પ્રકૃતિનો ભરપૂર સાથ મળતા સમગ્ર પંથકના ગ્રામજનો અને ખેડૂતોમાં આનંદની લાગણી છે. અમરેલી, વડિયા અને કુંકાવાવના ૧૧૫ જેટલા ગામોમાં જનભાગીદારીથી તળાવો ઊંડા ઉતારવાની સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

સરકારની આ જળસંચયની નેમ આજે સાકાર થતી જોવા મળી રહી છે. રાજ્યમંત્રીશ્રીએ અમરેલીના દેવભૂમિ દેવળિયા મુકામે જણાવ્યું કે, અહીંનું ઐતિહાસિક સ્થાપત્ય 'અમૃતવર્ષી' વાવ અને શિવ ધામ પ્રવાસનનું નવું કેન્દ્ર બનશે. કુલ રૂ. ૨.૫૭ કરોડની ગ્રાન્ટથી વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમંત્રીશ્રીએ પૌરાણિક વાવ અને શિવ મંદિરના સ્થાપત્યને નિહાળીને શિવજીના ચરણોમાં શીશ ઝુકાવીને પૂજા અર્ચન કર્યું હતું.દેવળિયા સ્થિત આ બેનમૂન સ્થાપત્ય ૬૭૦ વર્ષ જૂનું છે અને ઐતિહાસિક વિરાસતનું પ્રતિક મનાય છે. પુરાતત્વ વિભાગના સર્વેક્ષણ અનુસાર, આ વાવ વિશિષ્ટ 'અમૃતવર્ષી' પ્રકારની વાવ છે, જે તેના કલાત્મક ડિઝાઈન અને પથ્થરના દરવાજાને લીધે અદ્ભુત દેખાય છે. આ પૌરાણિક શિવ મંદિરના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસનલક્ષી વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે અને પ્રવાસનને વેગ મળશે. રાજ્યમંત્રીશ્રીએ મોટા ભંડારિયા મુકામે દાતાશ્રીઓના સહયોગથી નિર્મિત ભવ્ય પ્રવેશદ્વારનું પણ લોકાર્પણ કર્યું હતું.

આ તકે સતાધાર-આપાગીગા ધામના મહંત શ્રી વિજયબાપુ અને સાવરકુંડલા લીલીયા વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ સમૃદ્ધિ અને જળસંગ્રહ-જળ એ જ સમૃદ્ધ ખેતીનો મુખ્ય આધાર છે. જળસંચય થકી આસપાસના વિસ્તારોના ભૂગર્ભ જળ સ્તર (વોટર ટેબલ) નોંધપાત્ર રીતે ઊંચા આવશે. કુવા અને બોરવેલમાં પાણીના તળ સુધરવાથી ખેડૂતોને રવિ પાક અને ઉનાળુ ખેતી માટે સિંચાઈની ઉત્તમ સુવિધા મળી રહેશે. આમ, આયોજનબદ્ધ જળસંગ્રહ એ માત્ર પાણી બચાવવાનું અભિયાન નથી, પરંતુ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરી ખેડૂતો માટે ટકાઉ કૃષિ સમૃદ્ધિના નવા દ્વાર ખોલનારો સુવર્ણ અવસર સાબિત થશે.

રાજ્યમંત્રીશ્રીએ નવા નીરના વધામણા કરીને જિલ્લાની ઉત્તરોત્તર પ્રગતિ માટે મંગલ શુભકામનાઓ વ્યક્ત કરી હતી. અમરેલી તાલુકાના વિવિધ ગામડાઓમાં નવા નીર વધામણા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત હોદ્દેદારો, ગ્રામ પંચાયત સરપંચશ્રી અને સભ્યશ્રીઓ, સ્થાનિક આગેવાનો, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.





## રાજ્યકક્ષાની સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અંતર્ગત ૦૫ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ સુધી

## વિદ્યાર્થીઓ માટે તાલુકા અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાશે

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા.૨૪ જુલાઈ, ૨૦૨૬

અમરેલીમાં રાજ્યકક્ષાની સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પહેલાં ૦૫ ઓગસ્ટથી ૧૩ ઓગસ્ટ સુધી વિદ્યાર્થીઓ માટે તાલુકા અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા વિવિધ સ્પર્ધાઓની તારીખ જાહેર કરવામાં આવી છે. આ સ્પર્ધાઓમાં ૦૯ ઓગસ્ટે તાલુકા કક્ષાની અને ૧૦ ઓગસ્ટે જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ થશે.

આ સ્પર્ધામાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, ક્વિઝ કોમ્પિટીશન, રમતગમત સ્પર્ધાઓ, દેશભક્તિ ગીતોની સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધાઓ અંતર્ગત ૧૦ ઓગસ્ટે વિશ્વ સિંહ દિવસની ઉજવણી થશે. તેમજ શાળાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ થશે૧૩ ઓગસ્ટે તાલુકા કક્ષાએ જ્યારે ૧૪ ઓગસ્ટે જિલ્લા કક્ષાએ સ્વાતંત્ર્ય દિન થીમ આધારીત મહેંદી સ્પર્ધા યોજાશે.

જ્યારે ૧૩ ઓગસ્ટે શાળાઓમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગે જાગૃત્તિ અભિયાન અને વેશભૂષા સ્પર્ધા યોજાશે. વિદ્યાર્થીઓ ગામે ગામ પ્રભાતફેરી કરી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંગે રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જશે.

**નિબંધ, ચિત્ર, વકૃત્વ, દેશભક્તિ ગીત, ક્વિઝ જેવી રચનાત્મક સ્પર્ધાઓ દ્વારા દેશભક્તિનો માહોલ સર્જાશે**

## એમ્બીવેલીમાં પૂ. શ્રી ધીરગુરુદેવના સાનિધ્યે આરોગ્ય સેવા સાથે જોડાયેલા સેવાભાવીઓનું સન્માન



એમ્બીવેલી સિટીમાં બિરાજમાન પૂજ્ય શ્રી ધીરગુરુદેવના પાવન સાનિધ્યમાં શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર તથા શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત સંપૂર્ણ ફ્રી હોસ્પિટલ, સાવરકુંડલાના સેવાભાવી કાર્યકરોનું ભાવભેર અભિવાદન અને સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સેવા રત્ન તરીકે કાર્યરત શ્રી ભરતભાઈ શાહ, શ્રી હરેશભાઈમહેતા, શ્રી દિવ્યકાન્તભાઈસૂચક, શ્રી અમિતભાઈ, શ્રીમતી ઇન્દુબેન શાહ, શ્રીમતી યશોદાબેન મહેતા તેમજ શ્રીમતી કિરણબેન મગિયાનું પૂ. શ્રી ધીરગુરુદેવના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન સાવરકુંડલામાં કાર્યરત સંપૂર્ણ શ્રી હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક અને સેવાભાવી ભાવનાથી આપવામાં આવતી આરોગ્ય સેવાઓ અંગે પૂ. શ્રી ધીરગુરુદેવને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સાથે જ સમાજના સર્વાંગી વિકાસ માટે સંચાલિત ભવ્ય શૈક્ષણિક સંસ્થાની કામગીરી અને તેના ઉદ્દેશો વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

પૂ. શ્રી ધીરગુરુદેવે આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલી આ સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી અને સેવાભાવીઓને સમાજહિતના કાર્યોમાં સતત સમર્પિત ભાવથી આગળ વધવા માટે શુભાશિષ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આધ્યાત્મિકતા, સેવાભાવ અને સમાજકલ્યાણની ભાવનાથી ઓતપ્રોત રહ્યો.

## મુખ્યમંત્રીશ્રીએ અમરેલી જિલ્લા પોલીસની મિશન સ્માઈલ પહેલને SKOCH Award મળવા બદલ પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતને અભિનંદન પાઠવ્યા

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા



ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા બાળ સુરક્ષા અને બાળ કલ્યાણ માટે હાથ ધરવામાં આવેલી અનુકરણીય પહેલ *"મિશન સ્માઈલ"*ને પ્રતિષ્ઠિત SKOCH Awardથી સન્માનિત થવા બદલ અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતને અભિનંદન પાઠવ્યા હતા.

'મિશન સ્માઈલ' અંતર્ગત અમરેલી જિલ્લા પોલીસે બાળ સુરક્ષા, બાળ અધિકારોના સંરક્ષણ, ગુમ થયેલા બાળકોને પરિવાર સાથે પુન:મિલન કરાવવાની કામગીરી, બાળમૈત્રીપૂર્ણ પોલીસિંગ તેમજ બાળકોના સર્વાંગી કલ્યાણ માટે વિવિધ અસરકારક પહેલો અમલમાં મૂકી છે.

આ કામગીરીને રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર માન્યતા મળતાં પ્રતિષ્ઠિત SKOCH Award એનાયત કરવામાં આવ્યો છે.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ અમરેલી જિલ્લા પોલીસની જનકલ્યાણલક્ષી કામગીરીની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે બાળ સુરક્ષા માટેની આવી સંવેદનશીલ તથા પરિણામલક્ષી પહેલો અન્ય જિલ્લાઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

આ સન્માન અમરેલી જિલ્લા પોલીસની ટીમવર્ક, સમર્પણ અને સમાજપ્રત્યેની જવાબદારીનું ગૌરવપૂર્ણ પ્રતિબિંબ હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા પોલીસના સમગ્ર સ્ટાફને શુભેચ્છાઓ પાઠવી હતી.

### "પી.એમ પોષણ યોજના" અન્વયે અમરેલી તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં રસોયાની આવશ્યકતા:

## તા.૩૧ જુલાઈ સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૨૪ જુલાઈ, ૨૦૨૬ (શુક્રવાર) - પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના અમરેલી તાલુકાના ચક્કરગઢ પ્રા. શાળા, મોટા માંડવડા પ્રા.શાળા, સાંગાડેરી પ્રા.શાળા, વરસડા પ્રા. શાળા કેન્દ્રો ખાતે રસોયાની આવશ્યકતા છે, જેમને માનદ વેતન ચૂકવવામાં આવશે. પાત્રતા ધરાવતા ઉમેદવારોએ જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન તાલુકા મામલતદાર કચેરી,જિલ્લા સેવા સદન, ગ્રાઉન્ડ ફ્લોર, રાજમહેલ કેમ્પસ મધ્યાહન ભોજન શાખા-અમરેલીમાંથી નિયત અરજી ફોર્મ મેળવી લેવું. આ અરજી ફોર્મ જરૂરી વિગતો અને આધાર પુરાવાઓ સાથે તા.૩૧-૦૭-૨૦૨૬ બપોરે ૧૪.૦૦ કલાક સુધીમાં મામલતદાર કચેરી, અમરેલીની ટપાલ શાખાને પહોંચાડવાનું રહેશે. ઉંમર મર્યાદા જાહેરનામાની તારીખે ઓછામાં ઓછી ૨૦ થી ૬૦ વર્ષ હોવી જોઈએ. વધુ માહિતી પી.એમ. પોષણ (મધ્યાહન ભોજન) મામલતદાર કચેરી, અમરેલીનો સંપર્ક કરવો તેમ મામલતદારશ્રી (ગ્રામ્ય), અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## માત્ર એક ઈ-મેઈલની ફરિયાદ પરથી અમરેલી પોલીસે સિડની સ્થિત ફ્રોડ પીડિતને 11 લાખ પરત અપાવ્યા

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

### સિડની સ્થિત NRI એ માત્ર એક ઈ-મેઈલ ફરિયાદ નોંધાવ્યાનાં થોડા જ દિવસોમાં પોલીસે તેમના ગુમાવેલા નાણાં પરત અપાવ્યા

ઓસ્ટ્રેલિયાનાં સિડની શહેરમાં સ્થાયી થયેલા એક બિન-નિવાસી ભારતીય (NRI)એ તેમની સાથે થયેલી છેતરપિંડી સંબંધિત એક ઈ-મેઈલ દ્વારા અમરેલી પોલીસને ફરિયાદ કરતા, પોલીસે માત્ર થોડા જ દિવસોમાં ફરિયાદીએ ગુમાવેલા રૂ. 11 લાખ પરત અપાવ્યા. અમરેલી પોલીસની આ ત્વરિત કામગિરીથી ફરિયાદી પ્રભાવિત થઈ ગયા હતા અને પોલીસનો આભાર વ્યક્ત કરતો એક ઈ-મેઈલ કર્યો હતો. ઘટનાની વિગત એવી છે કે, સિડની સ્થિત ભારતીય નાગરિક સૌરભ જોલીએ અમરેલી જિલ્લા પોલીસ વડા (SP)ને જુન (2026)માં ઈ-મેઈલ કરી તેમની સાથે થયેલી રૂ 11 લાખની છેતરપિંડીની ફરિયાદ કરી હતી. અમરેલી જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાતના જણાવ્યા અનુસાર, મૂળ નવી દિલ્હીના રહેવાસી અને હાલ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રહેતા સૌરભ જોલીએ સોનું ખરીદવા માટે એપ્રિલ (2026) અમરેલીના એક વ્યક્તિને 11 લાખ ટ્રાન્સફર કર્યા હતા. જોકે, પેમેન્ટ થઈ ગયુ હોવા છતાં તેમને સોનું ક્યારેય મળ્યુ નહોતુ. જ્યારે તેમણે ફરિયાદ નોંધાવી ત્યારે જોલી ઓસ્ટ્રેલિયામાં હતા. નાણા મેળવનાર વ્યક્તિ અમરેલીમાં રહેતા હતા. શ્રી સંજય ખરાતે વધુમાં જણાવ્યું કે, "અમને ફરિયાદી દ્વારા જુન મહિનામાં ઈ-મેઈલ મળતાં જ તાત્કાલિક તપાસ શરૂ કરી હતી અને તેમને પૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

અમારી સાયબર ક્રાઇમ ટીમે સંબંધિત બેંક સાથે સંકલન સાધ્યું, સતત કેસની તપાસ કરી અને તપાસ દરમિયાન ફરિયાદીને પણ સતત માહિતગાર રાખ્યા હતા."અમરેલી પોલીસના આ પ્રયાસોના પરિણામે ફરિયાદીને તેમના પુરા 11 લાખ રૂપિયા પરત મળી ગયા. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પોલીસને સાયબર ફ્રોડના ભોગ બનેલા લોકોને તાત્કાલિક સહાય પૂરી પાડવા અને તેમની કમાણી રક્ષિત કરવા તમામ પ્રયાસો કરવા સૂચના આપી છે.અમરેલી સાયબર ક્રાઇમ પોલીસના પોલીસ ઇન્સ્પેક્ટર કમલેશ ખટાણાએ જણાવ્યું હતું કે, "સૌરભ જોલીએ એપ્રિલ (2026)માં સોનું ખરીદવા માટે રકમ ટ્રાન્સફર કરી હતી, પરંતુ સામેવાળા વ્યક્તિએ સોનું આપ્યુ નહીં. આ કેસમાં નાણા મેળવનાર વ્યક્તિ અમરેલીનો રહેવાસી હતો. અમે મામલાની ગંભીરતા જોઈને નાણાં મેળવનાર વ્યક્તિ સાથે વાત કરી અને પૈસા પાછા આપવા કહ્યું હતું.

આખરે તેણે પૂરેપૂરી રકમ પરત કરી દીધી હતી."અમરેલી પોલીસની આ ત્વરિત કામગિરી વિશે સૌરભ જોલીએ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હજારો કિલોમીટર દૂર હોવા છતાં તેમને ક્યારેય એવું ન લાગ્યું કે તેઓ તપાસથી અલગ છે. તેમણે પોલીસ ટીમની ઝડપી કમ્યુનિકેશન, તેમના પ્રશ્નોના નિવારણ માટે દર્શાવેલી ધીરજ અને વ્યવસ્થિત અભિગમની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે આનાથી પોલીસિંગ સિસ્ટમમાં તેમનો વિશ્વાસ વધુ મજબૂત થયો છે.

સાયબર ફ્રોડના વધતા જોખમ પર પ્રકાશ પાડતા જોલીએ અમરેલી સાયબર ક્રાઇમ ટીમની કામગીરીને એક એવું ઉદાહરણ ગણાવ્યું હતું કે કેવી રીતે ઝડપી અને પ્રતિબદ્ધ પોલીસિંગ જનતાનો વિશ્વાસ પુન:સ્થાપિત કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે આ અનુભવે ગુજરાત પોલીસની વ્યાવસાયિકતા અને અસરકારકતામાં તેમનો વિશ્વાસ વધુ દ્રઢ કર્યો છે.

### નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પોલીસને છેતરપિંડીનો ભોગ બનેલા લોકોને તાત્કાલિક મદદ કરવા અને તેમની મહેનતની કમાણી પાછી મેળવવા તથા તેનું રક્ષણ કરવા માટે તમામ શક્ય પ્રયાસો કરવા સૂચના આપી છે...